# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : deo-bav@gujrat.gov.in, deobhavnagar@gmail.com

શ્રી એ. બી. પ્રજાપતિ
જિલ્લા શિક્ષણાધિકારી

ક્રમાંક: યોજના/ફ્લેગ ડે/૨૦૧૮/૪૪૯

તા.૨૪/૧૦/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ
જિલ્લો- ભાવનગર

વિષય : સશસ્ત્ર સેન ધ્વજ દિન ૭ ડિસેમ્બર ૨૦૧૮ની ઉજવણી કરવા બાબત
સંદર્ભ : કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી પત્ર ક્રમાંક ડિએમ-૩/ધ્વજદિન/ ઇ.ન.૪૪૦૧૨/૨૦૧૮, તા.૧૨/૧૦/૨૦૧૮

જય ભારત સાથે ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનુ કે ગત વર્ષની માફક આ વર્ષે પણ સશસ્ત્ર સેના ધ્વજ દિનની ઉજવણી તા ૭મી ડિસેમ્બર-૨૦૧૮નાં રોજ કરવામાં આવનાર છે. આ અંગે બિડાણ કરેલા પત્ર મુજબ કામગીરી કરવાની રહેશે. ધ્વજ દિન-૨૦૧૮ નિમિતે ભંડોળ એકત્ર કરવા માટે આપશ્રીને જણાવવામાં આવે છે અને આપશ્રી દ્વારા એકત્ર થયેલ ફાળાનો ઉપયોગ સરહદ ઉપર લડતા સૈનિકો, માજી સૈનિકોનાં બાળકોને શિષ્યવૃતિ, માજી સૈનિકોની વિધવાઓને સહાય, માજી સૈનિકોના દિકરા-દિકરીઓનાં લગ્ન પ્રસંગે સહાય જેવા ઉમદા કાર્યમાં વપરાય તો દરેક શાળાઓએ પોતાની નૈતિક ફરજ સમજી આ બાબતે અંગત લક્ષ આપી, તન, મન,ધનથી સહકાર આપી લક્ષ્યાંક મુજબનો ફાળો અવશ્ય એકત્ર કરવા આથી જણાવવામાં આવે છે. અને આ ઉજવણીને લગતુ સાહિત્ય આપશ્રીના મ.શિ.ની પાસેથી મેળવી લેવા જણાવવામાં આવે છે.

સૈનિકો/માજી/સૈનિકોનાં કલ્યાણ અર્થે એકત્ર કરેલ ફાળાની રકમ "પી.એલ.એ.ટુ. કલેક્ટર એન્ડ ડી.એસ.એસ.એ.બોર્ડ ભાવનગર, પી.ડી./પી.એલ.એ. નં.૦૦૬૨, એસ.બી.આઈ. એકા.નં. ૫૬૩૫૫૦૦૦૯૯૮" સદરે ચલણથી જમા કરાવી, **અસલ ચલણ તા.૧૦/૦૧/૨૦૧૯ સુધીમાં બિનચુક કલેક્ટરશ્રીની કચેરીને અને અત્રેની કચેરીની યોજના શાખામાં તેની નકલ મોકલી આપવા જણાવવામાં આવે છે.**

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

બિડાણ- સંદર્ભદર્શિત પત્રની નકલ

**<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>**

શિ.ની.શ્રી- તમામ
મ.શિ.ની.શ્રી-તમામ

Scanned by CamScanner

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
ડી.એમ. શાખા, જિલ્લા સેવા સદન-૧,
પહેલો માળ, મોતીબાગ, ભાવનગર-૦૧.
ફોન:-૦૨૭૮-૨૪૨૧૮૮૧, ફેક્સ:-૨૪૨૭૯૪૧
E-mail:- collector-bav@gujarat.gov.in

सत्यमेव जयते

નં.ડીએમ-૩/ધ્વજદિન/ઇ.નં.૪૪૦૧૨/૨૦૧૮ તા.૧૨/૧૦/૨૦૧૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
આવક ૫૪૨૮
તારીખ ૧૫/૧૦/૧૮
શાખા: મા.શા.૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
બહુમાળી ભવન, ભાવનગર.

**વિષય :-** સશસ્ત્ર સેના ધ્વજ દિન ૭ ડિસેમ્બર ૨૦૧૮ની ઉજવણી કરવા બાબત.

(૧) ઉપરોકત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, ગત વર્ષની માફક આ વર્ષે પણ સશસ્ત્ર સેના ધ્વજ દિનની ઉજવણી તારીખ ૭મી ડિસેમ્બર-૨૦૧૮નાં રોજ કરવામાં આવનાર છે. પ્રતિવર્ષની માફક આ દિવસે નાગરીકો, સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ, ઔદ્યોગિક એકમો, પેટ્રોલપંપો, વ્યાજબી ભાવની દુકાનો, સીનેમા તથા વિડીઓ માલીકો, બિલ્ડરો, કોન્ટ્રાકટરો, ખાનગી ક્ષેત્રો તેમજ શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી દાન સ્વરૂપે ભંડોળ એકત્રિત કરવામાં આવે છે. આ એકત્રિત થયેલ ભંડોળ દેશની સરહદોનું રાત-દિવસ ખડે પગે ઉભા રહી દેશનું રક્ષણ કરતાં આપણાં જવાનો અને ભુતપુર્વ સૈનિકો તેમજ તેમનાં આશ્રિતોનાં કલ્યાણ અર્થે ઉપયોગમાં લેવામાં આવે છે.

(૨) ૭મી ડિસેમ્બર-૨૦૧૮ "ધ્વજ દિન-૨૦૧૮" નિમિતે ભંડોળ એકત્ર કરવા માટે આપશ્રીને **રૂ.125000**નો લક્ષ્યાંક ફાળવવામાં આવે છે.

(3) લક્ષ્યાંક મુજબનો ફાળો આપનાં કાર્યક્ષેત્રમાં આવતી તમામ કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, પેટ્રોલપંપો, સિનેમાગૃહો, જાહેર ક્ષેત્રની સંસ્થાઓ, કારખાનાઓ, ઉદ્યોગપતીઓ, વેપારીઓ, ઓઈલ મીલરો, રી રોલીંગ મીલરો, સ્વૈચ્છિક સંસ્થાઓ, જુદા જુદા એસોશિયનો, ટ્રસ્ટો, મંડળો, કોન્ટ્રાકટરો, બિલ્ડરો, એન્જીનીયરો તથા જાહેર જનતા પાસેથી ફાળો એકત્ર કરવા કરવાનો થાય છે.

(૪) ભારત સરકારનાં પરિપત્ર નં.-"Government of India, Department of Revenue and Banking (Revenue Wing), New Delhi notification (Income Tax) No.1536 (F No.197) 105/76-11-A.1 dated 25 Oct 76" થી સશસ્ત્ર સેના ધ્વજદિન નિમિતે ઓલ ફાળો ૧૦૦% ઈન્કમ ટેક્ષમાંથી કરમુક્તીને પાત્ર છે.

(૨)

Scanned by CamScanner

(૫) આપશ્રી દ્વારા એકત્ર થયેલ ફાળાનો ઉપયોગ સરહદ ઉપર લડતા સૈનિકો, માજી સૈનિકો, માજી સૈનિકોનાં બાળકોને શિષ્યવૃતિ, માજી સૈનિકોની વિધવાઓને સહાય, માજી સૈનિકોનાં દિકરા - દિકરીઓનાં લગ્ન પ્રસંગે સહાય જેવા ઉમદા કાર્યમાં વપરાય છે. તો દરેક અધિકારીશ્રીઓએ પોતાની નૈતિક ફરજ સમજી આ બાબતે અંગત લક્ષ આપી તન, મન, ધનથી સહકાર આપી લક્ષ્યાંક મુજબનો ફાળો અવશ્ય એકત્ર કરવા વિનંતી છે.

(૬) નિયામકશ્રી, નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, અમદાવાદ દ્વારા ભંડોળ એકત્રીકરણ માટે સાહિત્ય ફાળવેલ છે, જે પૈકી નીચે મુજબનું સાહિત્ય આપને ફાળવવામાં આવેલ છે જે આ સાથે સામેલ રાખી મોકલેલ છે. તો લક્ષ્યાંક મુજબનો ફાળો એકત્ર કરવા વિનંતી છે.

| ક્રમ | ફાળવેલ સાહિત્ય | નંગ |
|---|---|---|
| ૧ | ટોકન ફલેગ | ૭૪૦ |
| ૨ | કાર ફલેગ | ૧૬ |
| ૩ | પોસ્ટર | ૧૧ |
| ૪ | અપીલ પત્ર | ૯ |

(૭) સૈનિકો/માજી સૈનિકોનાં કલ્યાણ અર્થે એકત્ર કરેલ ફાળાની રકમ "પી.એલ.એ. ટુ કલેક્ટર એન્ડ ડી. એસ. એસ. એ. બોર્ડ ભાવનગર, પી.ડી./પી.એલ.એ. નં.૦૦૬૨, એસ.બી.આઈ. એકા.નં.૫૬૩૫૫૦૦૦૯૯૮" સદરે ચલણથી જમા કરાવી, અસલ ચલણ તા.૧૫/૦૧/૨૦૧૯ સુધીમાં બિનચુક અત્રેની કચેરીએ મોકલી આપવા વિનંતી છે.

(હર્ષદ પટેલ)
કલેક્ટર
અને જિલ્લા મેજિસ્ટ્રેટ
ભાવનગર

Scanned by CamScanner

# "જિલ્લા સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ સમિતિ"

## ૦૭ ડિસેમ્બર

રાષ્ટ્રીય રક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર વીર સૈનિકોના પરિવારજનો સ્વમાનભેર પોતાના જીવનનો નિર્વાહ કરી શકે તેવી વ્યવસ્થા કરવા તેમજ યુદ્ધ અને સૈનિક કાર્યવાહીમાં શારીરિક ક્ષતિગ્રસ્ત થવાના કારણે સશસ્ત્ર સેનાઓમાંથી છુટા કરાયેલા સૈનિકોના પુનર્વસવાટ માટે તેમજ સશસ્ત્ર સેનાઓને યુવાન રાખવાની રાષ્ટ્રની નીતિના ફળસ્વરુપે તમામ નાગરિક સેવાઓની સરખામણીમાં ઘણી નાની ઉંમરમાં સશસ્ત્ર સેનાઓમાંથી છુટા કરવામાં આવતા સૈનિકો અને તેઓના પરિવારજનોના કલ્યાણ માટે વિવિધલક્ષી કલ્યાણકારી યોજનાઓ બનાવવા માટે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળનો ઉપયોગ કરવામાં આવે છે. આ ભંડોળ એકત્ર કરવાના ઔપચારિક કાર્યક્રમનો આરંભ પ્રતિ વર્ષ ૭મી ડિસેમ્બરના રોજ કરવામાં આવે છે.

પોતાના પ્રાણની પરવા કર્યા વિના દેશના સીમાડાઓ અને સાર્વભૌમકતાનું રક્ષણ કરનાર દેશના આ સિપાહીઓ યુદ્ધ સિવાય કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ કુદરતી પ્રકોપ, માનવસર્જિત અકસ્માત કે આપદાઓમાં પણ નાગરિકોની સહાયતા માટે ખડે પગે રહી સમાજ અને દેશની અમૂલ્ય સેવા બજાવવા અગ્રેસર રહે છે. દેશની રક્ષા કરવા સતત તૈનાત રહેતા આપણા સૈનિકો પ્રત્યે ઋણ અદા કરવાની આપણી અને સમાજની મોટી જવાબદારી થાય છે.

આપણા સૈનિકો પ્રત્યે આત્મીયતા અને સન્માનની લાગણીની અભિવ્યક્તિ કરી તેઓના મનોબળને દૃઢ કરવાના આ અવસરે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં યથા-યોગ્ય યોગદાન આપવા જિલ્લાના પ્રત્યેક નાગરિકોને આથી અપીલ કરવામાં આવે છે.

આપના વિશ્વાસુ,

| **જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રી,<br>જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી /<br>કલેક્ટર અને પ્રમુખશ્રી,<br>જિલ્લા સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ સમિતિ** | **સંબંધિત જિલ્લાઓની સંપર્ક કચેરીઓ** |
|---|---|
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>ગૌરવ સેનાની કુમાર ભવન, ટીવી ટાવર પાછળ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪.<br>ફોન/ફેક્સ : ૦૭૯-૨૬૮૫૧૩૮૨ E-mail : zsb_abd@rediffmail.com | અમદાવાદ, ગાંધીનગર |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>સૈનિક કુમાર છાત્રાલય, છાણી-ન્યુ સમા રોડ ક્રોસીંગ, છાણી રોડ, વડોદરા-૩૯૦૦૨૪.<br>ફોન/ફેક્સ : ૦૨૬૫-૨૭૭૨૬૬૬ E-mail : zsb_vdr24@rediffmail.com | વડોદરા, ખેડા, આણંદ, દાહોદ,<br>પંચમહાલ, છોટા ઉદેપુર, મહીસાગર |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>ગૌરવ સેનાની ભવન, અભિનંદન રેસીડેન્સી પાછળ, પો. વરાછા રોડ (વાલક), સુરત-૩૫૯૦૦૬.<br>ફોન/ફેક્સ : ૦૨૬૧-૨૯૧૩૮૨૦ E-mail : zsb_srt@rediffmail.com | સુરત, વલસાડ, ડાંગ, ભરૂચ, નવસારી,<br>નર્મદા, તાપી |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>કલેક્ટર કચેરી, લાલ બંગલો, જામનગર-૩૬૧૦૦૧.<br>ફોન/ફેક્સ : ૦૨૮૮-૨૫૫૮૩૧૧. E-mail : zsb_jamnagar@rediffmail.com | જામનગર, જુનાગઢ, પોરબંદર,<br>ગીર-સોમનાથ, દેવભુમિ દ્વારકા |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>પૂર્વ સૈનિક આરામ ગૃહ, પોલીસ હેડ ક્વાટર્સ સામે, રાજકોટ-૩૬૦૦૦૧.<br>ફોન/ફેક્સ : ૦૨૮૧-૨૪૭૬૮૨૫ E-mail : zsb_rjt@rediffmail.com | રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર,<br>અમરેલી, મોરબી, બોટાદ |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>સી-બ્લોક, પ્રથમ માળ, બહુમાળી ભવન, જિલ્લા સેવા સદન, હિંમતનગર (સા.કાં.)-૩૮૩૦૦૧.<br>ફોન/ફેક્સ ૦૨૭૭૨-૨૪૬૬૩૦ E-mail : zsb_sk@rediffmail.com | સાબરકાંઠા, અરવલ્લી |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>બહુમાળી ભવન, ગ્રાઉન્ડ ફ્લોર, રૂમ નં. ૧૧૪, કચ્છ-ભુજ-૩૭૦૦૦૧.<br>ફોન/ફેક્સ : ૦૨૮૩૨-૨૨૧૦૮૫ E-mail : zsb_ktc@rediffmail.com | કચ્છ-ભુજ |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>બ્લોક-૨, ભીજો માળ, બહુમાળી ભવન, જિલ્લા સેવા સદન, રાજમહેલ રોડ, મહેસાણા-૩૮૪૦૦૧.<br>ફોન/ફેક્સ : ૦૨૭૬૨-૨૨૦૨૩૫ E-mail : zsb_msn@rediffmail.com | મહેસાણા, બનાસકાંઠા, પાટણ |

## નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય

ગૌરવ સેનાની ભવન, શાહીબાગ-એરપોર્ટ રોડ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

ફોન : ૦૭૯-૨૨૮૬૮૩૪૯-૫૧, ફેક્સ : ૦૭૯-૨૨૮૬૮૩૪૬ E-mail : rsb_guj@rediffmail.com

Scanned by CamScanner

# શાળાના વિદ્યાર્થી દ્વારા એકત્રિત કરાયેલા ફાળાનો હિસાબ, શાળાઓ દ્વારા નીચેના નમૂના મુજબ જાળવવા વિનંતી

શાળાનું નામ : ______________________________

વર્ગ : ______________ શાળાનો દાન સ્લીપ ક્રમ નંબર : ______________

| ક્રમ | દાતાનું નામ | દાનની રકમ ₹. માં | દાતાની સહી | તારીખ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

| | |
|---|---|
| દાનની કુલ રકમ ₹. | |
| દાનની કુલ રકમ શબ્દોમાં | |
| રકમ જમા કરનાર વિદ્યાર્થીનું નામ અને સહી | |
| વર્ગ શિક્ષકનું નામ અને સહી | |
| શાળા સ્તરે ભંડોળનું સંકલન કરનાર શિક્ષકનું નામ અને સહી | |

Scanned by CamScanner